કોરોના વિસ્ફોટ

# રાજ્યમાં નવા ૩૬૭ કેસ અમદાવાદમાં નવા ૨૩૯ કેસ

**રાજ્યમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૧૭૪૩ : અમદાવાદમાં ૧૧૦૧**

**રાજ્યમાં મોત ૬૩ : અમદાવાદમાં મૃત્યુ ૨૯ : રાજ્યમાં રીકવર ૧૦૫**

**ઈતની શક્તિ હમેં દે ન દાતા, મનકા વિશ્વાસ કમજોર હો ના....**

ઘરમાં રહો સુરક્ષિત રહો


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૪૦ | ૨૦ એપ્રિલ, ૨૦૨૦, સોમવાર; ચૈત્ર વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

# આજથી દેશમાં મર્યાદિત પ્રવૃત્તિઓ આરંભાશે

**વધુ કોરોનાગ્રસ્ત વિસ્તારોમાં કોઇપણ પ્રવૃત્તિને લીલીઝંડી હાલ અપાશે નહીં : કોરોના કહેર અને રિટેલર્સના વિરોધ વચ્ચે માર્ગદર્શિકામાં કરાયેલ ફેરફાર**

**હેલ્થકેર, કૃષિ, હોર્ટિકલ્ચર, પશુપાલન સહિતની પ્રવૃત્તિઓને બહાલી : પ્રાઇવેટ અને કોમર્શિયલ કંપનીઓને કામો કરવાની છુટ : કન્સ્ટ્રક્શન કામગીરી કરાશે**

નવીદિલ્હી,તા. ૧૯

કોરોના વાયરસના હાહાકાર અને લોકડાઉન-૨ની સ્થિતી વચ્ચે આવતીકાલથી મહારાષ્ટ્ર સહિતના અનેક રાજ્યોમા મર્યાદિત નાણાંકીય પ્રવૃતિઓ શરૂ થવા જઇ રહી છે. આના કારણે સામાન્ય લોકોની સ્થિતી આંશિક રીતે હળવી બની શકે છે. આશરે એક મહિનાના ગાળા બાદ કેટલાક લોકો આવતીકાલથી કામ ઉપર નિકળી શકશે. કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે આજે ટ્વિટ કરીને એવી યાદી જાહેર કરી હતી જેમાં લોકડાઉનમાં છુટછાટ મળનાર છે. હેલ્થકેર, કૃષિ, હોર્ટિકલ્ચર, મછલી પાલન, પશુપાલનને આવતીકાલથી છુટછાટ મળી ગઈ છે. રિટેલર્સ દ્વારા જોરદાર વિરોધ કરવામાં આવ્યા બાદ તથા કોરોનાના કહેર વચ્ચે સરકારે આજે ગાઇડલાઇન્સમાં જરૂરી સુધારા કર્યા હતા. ૨૧ દિવસના લોકડાઉનને વધારી ૪૦ દિવસ કરવામાં આવ્યા બાદ આવતીકાલથી કેટલીક રાહતો સાથે મર્યાદિત પ્રવૃત્તિઓ શરૂ થઇ રહી છે. ઘણી જગ્યાઓ ઉપર ૫૦ ટકા વર્કરો સાથે કામ શરૂ થશે. મોબાઇલ, ટીવી, ફ્રિજ જેવી બિનજરૂરી ચીજવસ્તુઓની ડિલિવરી હવે થઇ શકશે નહીં. કોમર્શિયલ અને પ્રાઇવેટ કંપનીઓને કામ કરવાની મંજુરી મળી છે. મેડિકલ અને વેટિનરી કેર અને જરૂરી ચીજવસ્તુઓની ખરીદી માટે પ્રાઇવેટ વાહનોનો ઉપયોગ કરી શકાશે. કેન્દ્ર અને રાજ્ય સરકારના તમામ ઓફિસો ખુલી જશે. ઇન્ડસ્ટ્રી અને ઔદ્યોગિક એકમોમાં કામ કરવાની મંજુરી મળી રહી છે. જો કે કેન્દ્ર સરકાર દ્વારા જારી કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## કઈ પ્રવૃત્તિ હાલ બંધ રહેશે

- લગ્ન પ્રસંગના કાર્યક્રમો હાલમાં બંધ રહેશે
- જીમ સંબંધિત ફિટનેસ સેન્ટરો પણ બંધ રહેશે
- તમામ પ્રકારના ધાર્મિક સ્થળોને હાલ બંધ રખાશે
- માલગાડી સિવાયની તમામ પેસેન્જર સેવા ટ્રેનોની બંધ રહેશે

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૩૭૨૮૯૫ | ૧૬૩૬૩૩ | ૯૮૪૮૯૫ |
| ભારત | ૧૭૧૩૭ | ૫૫૬ | ૨૭૬૯ |
| ગુજરાત | ૧૭૪૩ | ૬૩ | ૧૦૫ |
| ગાંધીનગર | ૧૭ | ૦૨ | ૧૨ |

## છેલ્લે... છેલ્લે...

● દેશના રાજ્યોની છેલ્લી પરિસ્થિતિ

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૪૨૦૦ |
| દિલ્હી | ૧૮૯૩ |
| ગુજરાત | ૧૭૪૩ |
| તામીલનાડી | ૧૪૭૭ |
| રાજસ્થાન | ૧૪૩૧ |
| મધ્યપ્રદેશ | ૧૪૦૭ |
| ઉત્તરપ્રદેશ | ૧૦૯૧ |
| તેલંગણા | ૮૫૮ |
| આંધ્રપ્રદેશ | ૬૪૭ |
| કેરળ | ૪૦૧ |
| કર્ણાટકા | ૩૯૦ |
| જમ્મુ-કાશ્મીર | ૩૫૦ |
| પશ્ચિમ બંગાળ | ૩૧૦ |

## કોરોના સામેની લડાઈમાં આગામી ૫-૭ દિવસ ખૂબ જ મહત્ત્વના રહેશે

**એમ્સના ડિરેક્ટર રણદીપ ગુલેરિયાનું નિવેદન**

ન્યુ દિલ્હી,તા.૧૯

કોરોના વાયરસ સામેની લડાઈ પર એમ્સના ડિરેક્ટરે કહ્યું કે, આવનારા ૫-૭ દિવસો બહું મહત્વના છે. ઓલ ઈન્ડિયા ઈન્સિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સના ડાયરેક્ટર રણદીપ ગુલેરિયાએ કોરોના વાયરસ પર કહ્યું છે કે આવનારા ૫-૭ દિવસોમાં જો વર્તમાન સ્થિતિને બનાવી રાખવામાં સફળ રહ્યા તો સારુ રહેશે.

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સના ડિરેક્ટર રણદીપ ગુલેરિયાનું કહેવું છે કે રેમડેસિવર દવાનું ટેસ્ટિંગ ચાલી રહ્યું છે. જેથી જાણી શકાયે કે આ દવાનો ઉપયોગ કોરોના વાયરસ માટે કરી શકાય છે કે કેમ. ઉલ્લેખનીય છે કે ઈન્ડિયન કાઉન્સેલિંગ ઓફ મેડિકલ રિસર્ચએ જાણકારી આપી હતી કે એન્ટી વાયરલ દવા રેમડેસિર કોરોનાની સારવારમાં અસરકાર સાબિત થઈ શકે છે. આ બાબતે એમ્સના ડૉક્ટર ગુલેરિયાને પુછવામાં આવ્યું હતુ. તેમણે કહ્યું હતું કે ટેસ્ટિંગ ચાલુ છે.

# વિશ્વમાં કોરોનાનું તાંડવ યથાવત

**કેસોની સંખ્યા ૨૩ લાખને પાર : દુનિયામાં મોતનો આંકડો વધીને ૧૬૧૧૯૦ થયો : અમેરિકા, સ્પેન, ઇટાલી, ફ્રાંસ, યુકે જેવા રાષ્ટ્રોમાં સૌથી વધુના મોત : ૫૦૦૦૦થી વધુ લોકો હજુ ગંભીર હાલતમાં**

નવી દિલ્હી,તા. ૧૯

કોરોના વાયરસનો ખતરનાક તાંડવ દુનિયાના દેશોમાં જારી રહ્યો છે. નવા કેસો અને મોત સાથે દુનિયાના દેશોમાં કોરોનાને લઈને ચિંતા અકબંધ રહી છે. કોરોનાના કારણે મોટી સંખ્યામાં લોકોના મોત દરરોજ થઇ રહ્યા છે. આ આંકડો ક્યાં સુધી જઈને રોકાશે તે અંગે હાલમાં વાત કરવી મુશ્કેલ છે. હવે દુનિયાના દેશોમાં કોરોનાના કારણે મોતનો આંકડો વધીને ૧૬૧૧૯૦ ઉપર પહોંચી ગયો છે. જ્યારે કેસોની સંખ્યા વધીને ૨૩૪૩૨૭૨ સુધી પહોંચી ગઈ છે. દુનિયાના કેટલાક દેશોમાં હાહાકાર વધારે છે. જેમાં અમેરિકા, સ્પેન, ઈટાલી, ફ્રાન્સ, જર્મની અને યુકેનો સમાવેશ થાય છે. સ્પેનમાં મોતનો આંકડો ૨૦ હજારથી ઉપર પહોંચી ગયો છે. જ્યારે ઈટાલીમાં ૨૩ હજારથી વધારેના મોત થયા છે. ફ્રાન્સમાં પણ ૧૯ હજારથી વધારેના મોત થયા છે. હાલમાં વિશ્વમાં આશરે ત્રણ અબજ લોકો લોકડાઉનમાં જીવન ગાળી રહ્યા છે. દુનિયાના દેશો માની રહ્યા છે કે હજુ એપ્રિલના મહિના સુધી તેનો આતંક યથાવત રીતે જારી રહી શકે છે. કારણ કે કેસોની સંખ્યા વધી છે. હજુ ગંભીર રીતે અસરગ્રસ્ત રહેલા દર્દીઓની સંખ્યા હજારોમાં રહેલી છે. આવી સ્થિતીમાં દુનિયાના દેશમાં રિકવરીમાં સમય લાગી શકે છે.

અમેરિકા, ઈટાલી, સ્પેન સહિતના દેશોમાં સ્થિતી વણસી ગઈ છે. લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે. ચીનમાં આ વાયરસ ફેલાઈ જતા પહેલા સેન્ટ્રલ હુબેઈ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો. દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના

કારણે પરેશાન છે. કોરોનાના કારણે સ્થિતી ક્યારેય સુધરશે તે અંગે હાલમાં વાત કરવી મુશ્કેલ છે. સ્પેન અને ફ્રાન્સ પણ તમામ પ્રયાસો કરી રહ્યા છે. જો કે સફળતા મળી રહી નથી.

સ્પેન, અમેરિકા, ઈટાલી સહિતના દેશો વધારે અસરગ્રસ્ત થયા છે. તેમના પગલા પણ હવે અપુરતા સાબિત થઈ રહ્યા છે. કોરોના કહેર હજુ જારી રહી શકે છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી.

# દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૧૩૩૪ કેસ

**કુલ સંક્રમિતોનો આંકડો ૧૫ હજારને પાર : મૃત્યુઆંક ૫૦૭ : ૨૪ કલાકમાં રેકોર્ડ ૪૨૩ દર્દીને હોસ્પિટલમાંથી રજા મળી : કોરોના પર કાબૂ મેળવવામાં નિષ્ફળ નોઇડાના સીએમઓને દૂર કરાયા**

ન્યુ દિલ્હી,તા.૧૯

દેશમાં કોરોના વાઈરસનો પ્રકોપ ઓછો થવાનું નામ નથી લઈ રહ્યો. આરોગ્ય મંત્રાલય દ્વારા રવિવારે જારી કરેલા તાજા આંકડા મુજબ દેશમાં આ વાઈરસના સંક્રમિતોની સંખ્યા વધીને ૧૫,૭૧૨ થઈ ગઈ છે. પાછલા ૨૪ કલાકમાં કોરોના વાઈરસના ૧,૩૩૪ નવા કેસ સામે આવ્યા છે અને ૨૭ લોકોનાં મોત થઈ ચૂક્યાં છે. દેશમાં કોવિડ-૧૯થી અત્યાર સુધી ૫૦૭ લોકોનાં મોત થઈ ચૂક્યાં છે. જોકે ૨,૨૩૧ દર્દીઓ આ બીમારીમાં સાજા પણ થઈ ચૂક્યા છે. કોરોના સંક્રમણને અટકાવવા માટે દેશમાં ત્રીજી મે સુધી લોકડાઉનને વધારવામાં આવ્યું છે.

કોરોના પર કાબૂ મેળવવા નિષ્ફળ રહેલા નોએડાના ઝર્સ્ને દૂર

કરવામાં આવ્યા

કોરોના વાઈરસ પર કાબૂ મેળવવામાં સંપૂર્ણ રીતે નિષ્ફળ રહેલા નોએડાના ઝર્સ્ને દૂર કરવામાં આવ્યા છે. ગૌતમબુદ્ધ નગરમાં એક મહિનામાં ત્રીજા મુખ્ય મેડિકલ ઓફિસરની નિયુક્તિ કરવામાં આવી હતી.

વિશ્વભરમાં કોરોના વાઈરસ સંક્રમિતોની સંખ્યા વધીને ૨૨,૯૩,૬,૪૪ થઈ ગઈ છે અને આ રોગથી મૃતકોની સંખ્યા ૧૫૭,૪૦૦ થઈ ગઈ છે.

## ઈન્દોરમાં પોલીસ ઈન્સ્પેક્ટરનું મોત

ઈન્દોર ૪૩ વર્ષીય જિલ્લા પોલીસ ઈન્સ્પેક્ટરનો આશરે પખવાડિયાની આસપાસ જીવલેણ કોરોના વાઈરસને ભરડો લીધો હતો. આ ઈન્સ્પેક્ટરનું રવિવારે વહેલી સવારમાં ઈન્દોરની એક ખાનગી હોસ્પિટલમાં કાર્ડિયાક રેસ્ટ થવાને કારણે મોત નીપજ્યું હતું. મધ્ય પ્રદેશમાં પોલીસ અધિકારીઓમાં આ જીવલેણ વાઈરસથી થયેલી આ પહેલી જાનહાનિ છે.

દેશભરના કોરોનાના કુલ પોઝિટિવ દર્દીમાંથી લગભગ ૩૦ ટકા દર્દી તબલીગી જમાત સાથે જોડાયેલા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે અત્યાર સુધીમાં ૩ હજારથી વધુ મામલા તબલીગી જમાત સાથે જોડાયેલા છે અને દર્દીની સંખ્યા સતત વધી રહી ચે. અત્યાર સુધીના આંકડામાં ૪૨૯૧ મામલા દિલ્હીના નિજામુદ્દીનના તબ્લીગીથી જોડાયેલા છે અને કુલ આવેલા મામલામાં જમાતના ૩૦ ટકા મામલા છે. જાણકારી મુજબ આસામના ૯૧ ટકા તમિલનાડુના ૮૪ ટકા, અંદામાનના ૮૩ ટકા, તેલંગાણાના ૭૯ ટકા, દિલ્હીના ૬૩ ટકા, મધ્ય પ્રદેશના ૬૧ ટકા અને ઉત્તર પ્રદેશના ૫૯ ટકા મામલા તબ્લીગી જમાત સાથે જોડાયેલા છે.

## ભારત કોરોનાની સૌથી પહેલી વેક્સિન બનાવે એવી સંભાવના

ન્યુ દિલ્હી,તા.૧૯

ભારતે ન માત્ર કોરોના વાયરસ પર સૌથી ઓછા સમયમાં લગાવવામાં સફળતા પ્રાપ્ત કરી છે પરંતુ ભારત જ સંભવતઃ એ પહેલો દેશ હશે કે જે કોરોના વાયરસની વેક્સિન વિશ્વમાં સૌથી પહેલા વિકસિત કરી લેશે. અત્યારે અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ચીન, ઈઝરાયલ સહિત કેટલાય દેશો કોરોના વાયરસની વેક્સિન વિકસિત કરવાના કામમાં જોડાયા છે. આશાઓ છે કે ભારત આ બધાથી પહેલા સફળતા પ્રાપ્ત કરી લેશે.

પ્રાપ્ત વિગતો અનુસાર ભારતીય કંપનીઓ ક્લિનીકલ ટ્રાયલના સ્ટેજમાં છે. જ્યારે બાકી બધા હજી ત્યાં પહોંચવાના છે. ભારતની છ ભારતીય કંપનીઓ કોરોના વાયરસ માટે વેક્સિન તૈયાર કરવા પર કામ કરી રહી છે. આશરે ૭૦ વેક્સિન કેન્ડિડેટ્સ પર ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે. ઓછામાં એછા ત્રણ ટેસ્ટ હ્યુમન ક્લિનિકલ ટ્રાયલના ચરણમાં છે. જો કે આ વેક્સિન ૨૦૨૧ માં જ બજારમાં આવશે પરંતુ વિશ્વમાં પહેલી વેક્સિન

● અનુસંધાન પાન-૭ પર